અગત્યનું/ખુબ જ જરૂરી
કૃષિ મહોત્સવ - ૨૦૧૬

વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

# કાર્યાલય આદેશ

રાજ્યના ખેડૂતોને ખરીફ પાકો વિષે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન મળી રહે તે હેતુસર ખરીફ સીઝન અગાઉ કૃષિ મહોત્સવ-૨૦૧૬નું રાજ્ય સરકારે તા. ૦૯-૦૫-૨૦૧૫થી તા. ૩૧-૦૫-૨૦૧૬ દરમ્યાન ઉજવવાનું નક્કી કરેલ છે. અને તે અન્વયે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડેલ છે. માર્ગદર્શક સૂચનાના મુદ્દા પ્રમાણે જિલ્લા કક્ષાએ "સેમિનાર અને એક્ઝીબીશન" ના કાર્યક્રમોનું તાલુકાની સંખ્યાને ધ્યાને લઇ પાંચ કે પાંચથી ઓછા તાલુકા હોય ત્યાં એક કાર્યક્રમ, પાંચથી વધું અને દસ તાલુકા હોય ત્યાં બે કાર્યક્રમ અને દસથી વધુ તાલુકા હોય ત્યાં ત્રણ કાર્યક્રમ પ્રમાણેનું આયોજન સૂચવેલ છે.

કૃષિ મહોત્સવ-૨૦૧૬ના સમયસર અને સુચારૂં આયોજન માટે સરકારશ્રી દ્વારા માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે, જેમાં બે દિવસીય સૂચિત મોડેલ કાર્યક્રમ પણ દર્શાવેલ છે. આ અનુસંધાને માર્ગદર્શક સૂચના અનુસાર યુનિવર્સિટીના કાર્યક્ષેત્રના નવ જિલ્લાઓમાં કૃષિ મહોત્સવ કાર્યક્રમો કરવાના થાય છે. આથી ૧૭ સ્થળોએ "સેમિનાર અને એક્ઝીબીશન" નો કાર્યક્રમ આયોજિત કરવાનો છે, જેમાં જિલ્લાવાર કાર્યક્રમ બે દિવસીય કાર્યક્રમ આયોજીત કરવાના થાય છે. તે મુજબ ત્રણ વૈજ્ઞાનિકોની ટીમ (કૃષિ, બાગાયત અને પશુપાલન) માર્ગદર્શન કરશે. વધુંમાં જિલ્લાના દરેક એક્ઝીબીશન સ્થળે ૧૦ સ્ટોલ્સનું આયોજન આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવાનું છે.

આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા આ કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

(૧) ડાં.પી.પી.પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકને કૃષિ મહોત્સવ-૨૦૧૬ માટે આણંદ કૃષિ યુનિવર્સિટીના નોડલ ઓફિસર તરીકે જાહેર કરવામાં આવે છે.

(૨) ડાં.વી. આર બોઘરા, સહ વિસ્તરણ શિક્ષણ નિયામક, વિ.શિ.નિ કચેરી, આણંદને કૃષિ મહોત્સવ-૨૦૧૬ના કો-ઓર્ડીનેટર તરીકેની અને ડાં.એચ. બી પટેલ, વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની.કચેરી, આણંદ ને આણંદ કૃષિ યુનિવર્સિટી તરફ થી કૃષિ મહોત્સવ-૨૦૧૬ના સહ કો-ઓર્ડીનેટર તરીકેની જવાબદારી સોંપવામાં આવે છે.

(૩) વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીમાં કૃષિ મહોત્સવ-૨૦૧૬ના સંકલન માટે નીચે મુજબની સમિતિ રચવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧ | ડાં.વી.આર. બોઘરા | સ.વિ.શિ.નિ.,વિ.શિ.નિ.ની કચેરી, આ.કૃ.યુ., આણંદ | ૯૪૨૮૯૪૭૦૦૫ |
| ૨ | ડાં.એચ.બી પટેલ | વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની.કચેરી, આકૃયુ,આણંદ | ૯૪૨૮૧૫૩૬૧૮ |
| ૩ | ડાં. બી. એસ . પટેલ | તાલીક સહાયક, વિ.શિ.નિ.ની.કચેરી, આકૃયુ,આણંદ | ૯૪૨૮૧૫૩૫૪૮ |
| ૪ | ડાં. એન.વી.સોની | વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની.કચેરી, આકૃયુ,આણંદ | ૯૪૨૭૮૫૬૦૪૫ |
| ૫ | ડાં.મુકેશ આર.પટેલ | મ.વિ.શિ.શાસ્ત્રી, વિ.શિ.નિ.ની કચેરી, આકૃયુ,આણંદ | ૯૮૨૪૪૨૧૮૮૦ |
| ૬ | શ્રી જે. ડી. દેસાઇ | ખેતીવાડી અધિકારી, વિ.શિ.નિ.ની કચેરી, આકૃયુ,આણંદ | ૯૪૨૬૯૬૦૧૭૪ |
| ૭ | શ્રી કે. જી. સોલંકી | હેડ કલાર્ક,વિ.શિ.નિ.ની કચેરી, આકૃયુ,આણંદ | ૮૩૪૭૮૫૨૯૬૦ |
| ૮ | શ્રી આર.સી. મારવાડી | સીનિયર કલાર્ક,વિ.શિ.નિ.ની કચેરી, આકૃયુ,આણંદ | ૮૧૪૧૫૪૨૬૦૦ |

(૪) નવ જિલ્લાના નોડલ વૈજ્ઞાનિકોએ, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના નીચે જણાવેલ અધિકારીઓ સાથે સંકલન કરવાનું રહેશે.

| અ.નં. | જિલ્લા નોડલ વૈજ્ઞાનિકનું નામ | જિલ્લાનું નામ | વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના અધિકારીનું નામ |
|---|---|---|---|
| ૧ | ડાં. ટી. ટી. પટેલ | અમદાવાદ | ડાં. એચ. બી. પટેલ |
| ૨ | ડૉ. બી.એન. પટેલ | ખેડા | ડાં. એચ. બી. પટેલ |
| ૩ | ડાં. એચ. આર.પટેલ | આણંદ | ડાં.એન.વી.સોની |
| ૪ | ડાં. એસ.જે. પટેલ | વડોદરા | ડાં.એન.વી.સોની |
| ૫ | ડાં. એમ. એસ. ખાનોરકર | પંચમહાલ | ડાં. મુકેશ આર.પટેલ |
| ૬ | ડાં. ઉમેશ એમ પટેલ | દાહોદ | ડાં. મુકેશ આર.પટેલ |
| ૭ | ડૉ. આર. બી. કાચા | મહિસાગર | ડાં. અનિલ મેકવાન |
| ૮ | ડાં. સુનિલ આર. પટેલ | છોટાઉદેપુર | ડાં. અનિલ મેકવાન |
| ૯ | ડાં. આર. એન. ચૌધરી | બોટાદ | શ્રી જે. ડી. દેસાઇ |

આ કાર્યાલય આદેશના મુદા નં. ૩ મુજબના વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીના ક્રમ ૨થી ૮ સુધીના અધિકારીઓ (સાત)ને, યુનિવર્સિટી માહિતી સેલના ૩ અધિકારીઓ તથા ઉપરોકત જિલ્લાના નોડલ વૈજ્ઞાનિકો- ૯ (નવ) મળી કુલ ૧૯ અધિકારીઓને સંદેશાવહનની સગવડતા મળી રહે તે માટે સીમકાર્ડ ખરીદવા/રીચાર્જ વાઉચર માટે પ્રતિ અધિકારી રૂ. ૩૦૦/- ની મર્યાદામાં સીમકાર્ડ ખરીદવા/રીચાર્જ વાઉચરનો ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે, તેનો ખર્ચ તેમની કચેરી/કૃષિ મહોત્સવ-૧૬ની ગ્રાન્ટમાંથી પાડી શકાશે. ઉપરોકત નિયુકત થયેલ અધિકારીઓ કૃષિમહોત્સવ દરમ્યાન અને ત્યારબાદની કૃષિમહોત્સવ સબંધિત કામગીરી માટે જવાબદાર રહેશે.

(૫) બે દિવસિય મોડેલ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાએ સેમિનાર અને પ્રદર્શનમાં વૈજ્ઞાનિકો માર્ગદર્શન આપે તે જરૂરી છે. આ હેતુથી જિલ્લાવાર સેમિનાર અને પ્રદર્શનમાં વૈજ્ઞાનિકોની નિમણૂંક અલગ પરિપત્રથી કરવામાં આવેલ છે. તે મુજબ અસરકારક કાર્યક્રમ યોજાય તે રીતે ફરજ બાજાવવાની રહેશે.

(૬) જિલ્લા વૈજ્ઞાનિક ટીમોએ કૃષિ મહોત્સવ-૨૦૧૬ દરમ્યાન જિલ્લા નોડલ વૈજ્ઞાનિકોના સંકલનમાં રહી ફરજ બજાવવાની રહેશે. નોડલ વૈજ્ઞાનિકોને ફાળવેલ વાહન આ આદેશ મળ્યે તેમના હવાલે કરવું. આ માટે થનાર ટી.એ. ડી.એ. બીલ, ડીઝલ-ઓઇલ વગેરે ખર્ચ તેઓના સંબંધિત યુનિટ કક્ષાએથી કરવાનો રહેશે.

(૭) કાર્યક્રમના નોડલ વૈજ્ઞાનિકોએ જે તે જિલ્લાના કૃષિ મહોત્સવની પ્રવૃત્તિઓ અસરકારક બને તે રીતે સંકલન કરવાનુ રહેશે. આ ટીમ જિલ્લાના ખરીફ પાકો, બાગાયતી પાકો અને પશુપાલન અંગે માહિતી આપશે, જેમાં સજીવ ખેતી, રક્ષિત ખેતી, સોઇલ હેલ્થ કાર્ડ, ઇન્ટીગ્રેટેડ ન્યુટ્રીયન્ટ મેનેમેન્ટ, ડ્રીપ ઇરીગેશન, ટકાઉ ખેતી, ઇન્ટીગ્રેટેડ પેસ્ટ મેનેજમેન્ટ, પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, ગ્રેડીંગ, પેકેજીંગ અને વૈજ્ઞાનિક પદ્ધતિથી અનાજ સંગ્રહ જેવા વિષયો આવરી લેવાના રહેશે.અને વધુમાં તેઓએ સમગ્ર કાર્યક્રમનો રોજે રોજનો અહેવાલ તેમજ ખેડૂતોએ પૂછેલા પ્રશ્નો તથા ખેડૂતોને આપેલ માહિતી વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીમાં મોનીટરીંગ સેલના કન્વીનરને અચૂક મોકલવાની રહેશે. જેનો પ્રફોર્મા કૃષિ મહોત્સવ શરૂ થતાં પહેલાં વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરીએથી મેળવી લેવાનો રહેશે. આ ઉપરાંત કૃષિ મહોત્સવ પૂર્ણ થયા બાદ જે તે જિલ્લાનો બે પાનાનો સંક્ષિપ્ત અહેવાલ ફોટોગ્રાફસ સહિત વિસ્તરણ શિક્ષણ નિયામકને તા. ૩૧-૦૫-૨૦૧૬ સુધીમાં અચૂક મોકલી આપવાનો રહેશે. **વૈજ્ઞાનિકોની ટીમે કાર્યક્રમની શરૂઆતથી માંડી અંત સુધીના કાર્યક્રમ પ્રશ્નોતરી સુધી સ્થળ ઉપર હાજર રહેવાનું રહેશે.** તદુપરાંત **સ્ટોલ ઉપર કૃષિ/પશુપાલન અંગે માર્ગદર્શન પણ આપવાનું રહેશે.**

(૮) માર્ગદર્શક સૂચના અનુસાર કૃષિ મહોત્સવની બિન આંકડાકીય માહિતી જેવી કે વૈજ્ઞાનિકોએ કયા વિષય ઉપર માર્ગદર્શન આપ્યું, તેમને પુછવામાં આવેલ પ્રશ્નો, જવાબો વગેરે વિગતોને આવરી લઈ રોજે રોજ અહેવાલ તૈયાર કરી સરકારશ્રીના મોનીટરીંગ સેલને મોકલવાનો રહે છે. આ માટે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે. આ સમિતિએ દરરોજ જિલ્લા નોડેલ વૈજ્ઞાનિકો પાસેથી માહિતી મેળવી જિલ્લાવાર અહેવાલ તૈયાર કરી ગાંધીનગર કૃષિ મહોત્સવ-૨૦૧૬ મોનીટરીંગ સેલને રોજે રોજ મેઇલ/ફેકસથી મોકલી આપવાનો રહેશે. આ કામગીરી કરવા માટે સમિતીએ દરરોજ સાંજના ૩ થી ૬ કલાક દરમ્યાન વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી ખાતે બેઠક યોજીને કરવાની રહેશે.

| | મોનીટરીંગ એન્ડ રીપોટીંગ સેલઃ | | | |
|---|---|---|---|---|
| ૧ | ડૉ.એ.સી.વૈદ્ય (મો. ૯૭૨૬૮૬૬૫૦૧) | સહ પ્રાધ્યાપક, વેટરનરી વિસ્તરણ વિભાગ., વેટરનરી કોલેજ, આ.કૃ.યુ.,આણંદ | કન્વીનર | રોજ રોજની માહિતી એકત્રિત કરવી અને ઉપર મુજબ માહિતી તૈયાર કરી રાજ્ય સરકારને માહિતી પુરી પાડવી તથા પ્રેસ નોટ સમિતીને માહિતી પહોંચાડવી. . |
| ૨ | પ્રોફેસર ક્ષિતિજ યુ. શુકલા (મો. ૯૪૨૯૦૬૬૯૫૧) | મદદ. પ્રાધ્યાપક, આંકડાકીય વિભાગ, બી.એ.સી. એ.આકૃયુ આણંદ | સભ્ય | |
| 3 | પ્રો. આર. બી. મોદી (મો: ૭૬૦૦૭૧૦૯૮૮) | મદદ. પ્રાધ્યાપક, એફપીટી એન્ડ બીઇ, આકૃયુ આણંદ | સભ્ય | |

(૯) કૃષિ મહોત્સવ-૨૦૧૬ અંતર્ગત તા. ૦૯-૦૫-૨૦૧૬ અને ૧૦-૦૫-૨૦૧૬ એમ બે દિવસો દરમ્યાન જુદા જુદા વિષયોને લગતા સેમિનારનું બી. એ. સી. એ. ઓડીટોરીયમ, આણંદ ખાતે પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પશુપાલન અને સહકાર, સહકાર અને બાગાયત અને કૃષિ બજાર વ્યવસ્થા અંગેના મુખ્ય વિષયો ઉપર કૃષિ તજજ્ઞો વાર્તાલાપ અને ખેડૂતોને મુંઝવતા પ્રષ્નોનું સચોટ માર્ગદર્શન આપશે. આ સેમિનારના અસરકારક આયોજન માટે (૧) ડૉ. કે.પી. પટેલ, આચાર્ય અને ડીન, બી.એ.સી.એ., આણંદને અધ્યક્ષ તરીકે અને (૨) ડૉ. પી.કે. બોરડ, પ્રધ્યાપક અને વડા, એન્ટોમોલોજી વિભાગ, બી.એ.સી.એ., આણંદને સહ અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપવામાં આવે છે. આ સેમિનાર માટે અધ્યક્ષશ્રી મદદ માટે જરૂરી અન્ય સભ્યોને નિમણૂક કરી શકશે. સેમિનાર સહ અધ્યક્ષશ્રીએ તેનો સંપૂર્ણ અહેવાલ વિ.શિ. નિ. કચેરીને તા. ૨૦-૦૫-૨૦૧૬ સુધીમાં મોકલી આપવાનો રહેશે.

(૧૦) કૃષિ મહોત્સવ-૨૦૧૬ અંતર્ગત નવ જિલ્લાના દરેક એક્ઝીબીશન સ્થળે ૧૦ સ્ટોલ્સનું આયોજન યુનિવર્સિટી દ્વારા કરવાનું છે. નવ જિલ્લાઓમાં ૧૬ સ્થળોએ એક્ઝીબીશનનો કાર્યક્રમ આયોજિત કરવાનો છે, જેનું જિલ્લાવાર કાર્યક્રમની વિગત દર્શાવતું પત્રક અત્રેની કચેરીને પ્રાપ્ત થઇ ગયેલ છે. બે દિવસીય કાર્યક્રમ આયોજીત કરવાનો થાય છે. દરેક સ્ટોલ માટે એક વૈજ્ઞાનિક એમ કુલ ૧૦ વૈજ્ઞાનિકોની ટીમ જિલ્લા વાર અલગ પત્રથી નિમવામાં આવેલ છે. તે મુજબ વૈજ્ઞાનિકોએ માર્ગદર્શન અને ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવાનું રહેશે. આ ટીમોએ દરેક જિલ્લાના નોડલ ઓફીસરના વડપણ હેઠળ કામ કરવાનું રહેશે.

ઉપરોકત કાર્યાલય આદેશ કૃષિ મહોત્સવ-૨૦૧૬ ની અસરકારક કામગીરી માટે અને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે. આ ઉપરાંત અન્ય કોઈ વધારાની કામગીરી કરવાની થાય તે પણ જે તે અધિકારી/કર્મચારીએ કરવાની રહેશે.

આ કાર્યાલય આદેશ માન. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવેલ છે.

(પી.પી પટેલ)
વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં.આકૃયુ/વિશિનિ/કૃ.મ.૧૬/ ૪૯-૬ /૨૦૧૬
તા.: ૦૭-૦૫-૨૦૧૬

<u>નકલ રવાના જાણ તેમજ ઘટતુ થવા માટે :</u>

(૧) યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ (તમામ) આ.કૃ.યુ., આણંદ
(૨) આચાર્યશ્રીઓ તેમજ ડીન (તમામ) આ.કૃ.યુ., આણંદ
(૩) જિલ્લા નોડલ વૈજ્ઞાનિક (તમામ) આ.કૃ.યુ., આણંદ
(૪) યુનિટ અધિકારીશ્રીઓ (તમામ) આ.કૃ.યુ., આણંદ
(૫) સબ યુનિટ અધિકારીશ્રી (તમામ) આ.કૃ.યુ., આણંદ

<u>નકલ રવાના</u>

ઉપરોકત સંબંધિત અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ સારું:
પ્રતિ,

....................................
....................................